નો.ક.નધણ/ખ-૩/૪૬૨૮૦
તા. ૨૩/૦૯/૨૦૨૦ (સંકલ્પ દિવસ)

# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

વિના સહકાર નહી ઉદ્ધાર

# પ્રથમ વર્ષ
# ૨૦૨૦-૨૦૨૧
# વાર્ષિક અહેવાલ
# અને
# હિસાબો
# (દ્વિતિય વાર્ષિક સાધારણ સભા)

Mo. : 9427814355/9426052179/9586600795
E-mail : samataccsltd@gmail.com
C/o. J.J.ChavadaSiddharth Park, Talala Gir,Girsomnath, PIN 362150



# શ્રી સમતા કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી., તાલાલા ગીર

9426052179 9426152479 samataccsltd@gmail.com

## વ્યવસ્થાપક મંડળ

| ક્રમ | ડિરેક્ટર્સશ્રીઓ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી જયાબેન જગદિશભાઈ ચાવડા | ચેરમેનશ્રી |
| ૨ | શ્રી સોમાભાઇ સામતભાઈ ધવડ | વાઇસ ચેરમેનશ્રી |
| ૩ | શ્રી વિભાબેન રમેશભાઈ ચાવડા | ડાયરેક્ટરશ્રી |
| ૪ | શ્રી રીનાબેન અનીલભાઈ ચાવડા | ડાયરેક્ટરશ્રી |
| ૫ | શ્રી જીજ્ઞાબેન હિતેષભાઈ સોલંકી | ડાયરેક્ટરશ્રી |
| ૬ | શ્રી નીતિનભાઈ નાજાભાઈ સોંદરવા | ડાયરેક્ટરશ્રી |
| ૭ | શ્રી ભુપેન્દ્રભાઈ જેઠાભાઈ સોલંકી | ડાયરેક્ટરશ્રી |
| ૮ | શ્રી લાભુબેન નારણભાઈ ખાણીયા | ડાયરેક્ટરશ્રી |
| ૯ | શ્રી નગાભાઈ દુદાભાઈ મકવાણા | ડાયરેક્ટરશ્રી |

કર્મચારીગણ (માનદસેવા)

| | |
|---|---|
| શ્રી નરેશકુમાર છગનભાઈ સાંખટ | મેનેજર/માનદ્ મંત્રી |

# શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.

## દ્વિતિય વાર્ષિક સાધારણ સભાના એજન્ડા

આથી મંડળીના સર્વે સભાસદ ભાઈ બહેનોને જણાવવામાં આવે છે કે આપણી મંડળીની વાર્ષિક સાધારણ સભા તા.૧૯/૦૯/૨૦૨૧ને રવિવારનાં રોજ સાંજે 3.00 કલાકે શ્રી ધ્રુવ કુમાર છાત્રાલય, વેરાવળ રોડ, તાલાલા ખાતે નીચે દર્શાવેલ કામકાજ માટે મળશે. તો તમામ સભાસદ ભાઈ બહેનોને હાજરી આપવા વિનંતી છે.

### ➢ કાર્યસૂચિ

૧. સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.
૨. ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૩. સને ૨૦૨૦-૨૦૨૧ નાં વર્ષના વ્ય.ક. એ તૈયાર કરેલ કામકાજનો અહેવાલ અને વાર્ષિક હિસાબો મંજૂર કરવા બાબત.
૪. કર્જ અને ધીરાણ લેવા અને દેવા બાબત.
૫. સમતા એમ્બ્યુલન્સ બાબત.
૬. સભાસદ વીમા યોજના બાબત.
૭. વ્ય.કમિટીની ભલામણ મુજબ નફાની વહેંચણી કરવા બાબત.
૮. પ્રમુખ સ્થાનેથી નક્કી થાય તે.

**નોંધ.**

૧. કોરમના અભાવે મુલત્વી રહેલી સભા ફરીથી તે જ સ્થળે અડધા કલાક બાદ મળશે. જેને કોરમનો બાધ નડશે નહી.
૨. અહેવાલ બાબતે કોઈપણ વિગતે ચોખવટ કરવાની હોય તો સાધારણ સભા પહેલા કરી લેવી.

**ખાસ નોંધ.**

સરકારશ્રીની કોરોના ગાઈડલાઇન મુજબની બેઠક વ્યવસ્થા રાખેલ છે. સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવું ફરજીયાત છે.

તા. ૦૧/૦૯/૨૦૨૧

મેનેજર/માનદ્ મંત્રી
શ્રી નરેશ સી. સાંખટ
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી

# શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.

## પ્રમુખશ્રીનું નિવેદન

આપણી મંડળીનાં આ પ્રથમ વાર્ષિક અહેવાલ તેમજ વર્ષ ૨૦૨૦-૨૦૨૧નાં વર્ષના મંડળીએ કરેલ કામગીરીનો અહેવાલ, વાર્ષિક હિસાબો, નફા તોટા પત્રક આ સાથે રજૂ કરતા આનંદની લાગણી અનુભવું છું. મંડળીના વ્ય.ક.નાં સભ્યશ્રીઓએ સભાસદોશ્રીના હિતલક્ષી નિર્ણયો સર્વાનુમતે લીધેલ છે. જેથી મંડળીની વધુને વધુ પ્રગતિ થઈ રહી છે. જેનું મને ગૌરવ છે. મને આનંદ થાય છે કે આ મંડળીમાં સર્વાનુંમતે અમોએ કરેલા કાર્યો જણાવતા આનંદ અનુભવીએ છીએ અને અમારાં આ નિર્ણયોને આપ સહર્ષ સ્વીકારશો. એવી આશા રાખીએ છીએ. આ વર્ષ દરમ્યાન સભાસદોની લોન નિયમિત રીતે મંજુર કરેલ છે અને ધીરાણ માટેના નાણાંની જરૂરિયાત પૂરી પાડેલ છે. જેથી કોઇપણ સભાસદને લાંબો સમય પ્રતીક્ષા યાદીમાં રહેવું પડેલ નથી. આ માટે અમોએ આપની ફી.ડી.ની અપેક્ષા રાખેલ છે.

આ બધું આપના સહકારથી શક્ય બન્યું છે. કોઈ વ્યક્તિ આવું ભગીરથ કાર્ય એકલા હાથે કરી શકે નહી. આ સંસ્થા પ્રથમ વર્ષથી જ પ્રગતિ કરી રહી છે. જેમાં આપનો અમૂલ્ય ફાળો છે. એની અમો ખુશી વ્યક્ત કરીએ છીએ. મંડળીના કાર્ય અને ભંડોળ વગેરે તરફ જોઈએ તો મંડળીએ પ્રથમ વર્ષે જ ઘણી સફળતા મેળવી છે અને ગત વર્ષની સાધારણ સભા પ્રમાણેની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. આ તકે આપણા સભાસદ દિવંગત ભી.દે. સોલંકીને શ્રદ્ધાંજલી સમતા પરીવાર વતી અર્પણ કરીએ છીએ. દરેક સભાસદને તા.૩૧/03/૨૦૨૧નાં હિસાબો સાથે લોન, બચત અને ધીરાણ તેમજ ફી.ડી. વગેરેની વિગતનું સ્ટેટમેન્ટ આપને આ સાથે જ મળી જશે.

આપણી સંસ્થાનાં પ્રથમ વર્ષનો હિસાબ આ મુજબ રહ્યો છે.

- **શેર ભંડોળ**

મંડળીના તા.૨૩/૦૯/૨૦૨૦નાં પ્રારંભે શેર ભંડોળ રૂ.૯૯,૯૦૦.૦૦ હતું. જેમાં રૂ.૯૧,૧૦૦.૦૦નો વધારો અને રૂ.૫૦૦.૦૦ નો ઘટાડો થતાં વર્ષાન્તે તા.૩૧/૦૩/૨૦૨૧નાં રોજ શેર ભંડોળ રૂ.૧,૯૦,૫૦૦.૦૦ રહેલ છે. જે સંસ્થાની વિશ્વસનીયતા દર્શાવે છે.

- **સભ્ય સંખ્યા**

મંડળીની નોંધણી વખતે સભ્ય સંખ્યા ૫૧ ની હતી જેમાં ૧૬૫ સભ્યો નવા દાખલ થતા ૨૧૬ થયેલ જેમાં ૧ સભ્ય અવસાનના લીધે છૂટાં કરતાં વર્ષાન્તે ૩૧/03/૨૦૨૧ની સ્થિતિએ સભ્ય સંખ્યા ૨૧૫ રહેલ છે.

# શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.

## ➢ અનામત ભંડોળ

તા. ૩૧/૦૩/૨/૨૧નાં સુધીમાં મંડળીનું રૂ.૫૪૦૦.૦૦ વર્ષાન્તે જમાં કરેલ છે.

## ➢ સભાસદ બચત

આપણી મંડળીમાં પ્રથમ વર્ષ તા. ૨૩/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં રૂ.૧,૬૬,૧૫૪.૦૦ જમાં રહેલ છે. જે સભાસદોની સંસ્થા પ્રતિ બચત ભાવના દર્શાવે છે.

## ➢ સભાસદ ફી.ડી.

આપણી મંડળીમાં તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં રૂ.૧,૦૧,૦૦૦.૦૦ જમાં થયેલ છે.

## ➢ ધી જૂ.જી.સ.બેંક સભાસદ

આપણી મંડળીએ ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંકનાં સભાસદ થવા માટે રૂ.૫૦૦૦.૦૦નું શેર ભંડોળ ખાતે રહેલ છે.

## ➢ ધીરાણ અને વસુલાત

મંડળી પોતાના સ્વ ભંડોળમાંથી જ ધીરાણ કરે છે. જેમાં સભાસદ ધીરાણ નવેમ્બર ૨૦૨૦ થી શરૂઆત કરીને તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં રૂ.૪,૪૪,૧૩૭.૦૦ કરેલ છે અને વસુલાત ડીસેમ્બર ૨૦૨૦ થી શરૂઆત થતાં તા. ૩૧/૦૩/૨૦૨૧ સુધીમાં રૂ.૪૮,૬૦૦.૦૦ જમાં થયેલ અને રૂ. ૩,૯૫,૫૩૭.૦૦ ધીરાણ બાકી રહેલ છે.

## ➢ નફો

નફો તોટા પત્રક મુજબ તા.૩૧/૦૩/૨૦૨૧નાં રોજ રૂ.૧,૨૪૩.૦૦ થયો છે. જેને પેટાનિયમ મુજબ નફાની વહેંચણી કરવાની બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી ભલામણ કરવામાં આવે છે.

## ➢ વ્યાજદર

ધીરાણ ઉપર વ્યાજદર વાર્ષિક ૧૦% મુજબનો છે. જ્યારે ફરજિયાત બચત પર પ્રથમ વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ૭% અને ૨૦૨૧-૨૦૨૨ થી ૬% નક્કી કરેલ છે. તેમજ ફીક્ષ ડીપોઝીટ પર ૬.૫% નિયમ અનુસાર વાર્ષિક વ્યાજદર નક્કી કરેલ છે.

# શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.

## આભાર દર્શન

આપણી સંસ્થાની ઉત્તરોતર પ્રગતિ અને વહીવટમાં સદૈવ મદદરૂપ અને માર્ગદર્શક રહેલા તાલુકા પ્રાથમિક શિક્ષક મંડળીના ચેરમેન શ્રી જગદીશભાઈ બી. ચાવડા, મંત્રીશ્રી લલિતભાઈ ચાંડેરા, ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંકનાં ચેરમેનશ્રી, ડીરેક્ટરશ્રીઓ તમામ અને CEO સાહેબ અને ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક તાલાલા શાખાનાં મેનેજર સાહેબ સહ સ્ટાફગણ, SBI BUS STAND શાખા તાલાલા મેનેજર સાહેબ તથા સ્ટાફગણ.

જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી ગીર સોમનાથ અને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી તથા તમામ સહકારી સ્ટાફશ્રી ગીર સોમનાથ, તાલુકા અને જિલ્લાનાં સહકારી અગ્રણીશ્રીઓ, તાલુકા વિસ્તરણ અધિકારીશ્રી(સહકાર) તાલુકા અને જિલ્લા કક્ષાનાં ઓડીટર્સશ્રીઓ તમામ, નિવૃત શિક્ષકો અને નિવૃત કર્મચારી-અધિકારીશ્રીઓ તમામ, તાલુકા પૂર્વ TPEO શ્રી રામ સાહેબ તેમજ BRC શ્રી રમેશભાઈ રામ સાહેબ અને CRC મિત્રો અને તમામ BRC ઓફીસ સ્ટાફ, માધ્યમિક અને ઉચ્ચતર શાળા કર્મચારી મિત્રો, શ્રી હરેશભાઈ ધોળિયા અને રમેશભાઈ માવદીયા સંચાલકશ્રી અને સકરાભાઇ મુછડીયા ગૃહપતિ ધૃવ કુમાર છાત્રાલય તેમજ તમામ સભાસદો, સિદ્ધાર્થ પાર્ક સોસાયટી તાલાલા અને સમસ્ત તાલાલા શહેર અને તાલુકાની જાહેર જનતા તેમજ આપણી મંડળીના તમામ હિતેચ્છુ એવા નામી અનામી શુભેચ્છક સભાસદોનો હદય પૂર્વક આભાર માનીએ છીએ.

આગામી વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં સભાસદ વીમા યોજના તથા સમતા એમ્બ્યુલન્સ માટેનું આયોજન હાથ ધરેલ છે.

આપણી સંસ્થાનાં લોક સેવાર્થે લોક ફાળાથી **સમતા એમ્બ્યુલન્સ** અભિયાનમાં જોડાયેલા અને ભવિષ્યમાં સહયોગ આપનાર તમામનાં ઋણી રહીશું.

અંતમાં સૌનો આભાર....... જય ભારત........... જય સહકાર...........

આપની વિશ્વાસું
શ્રી જયાબેન જે. ચાવડા
ચેરપર્સન
શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા

**આભાર સહ**

# શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.

તારીખ **10/09/2020** થી **31/03/2021** સુધીની તારીજ

| ક્રમ | વિગત | જમા | ઉધાર |
|---|---|---|---|
| 1 | શ્રી શેર ભંડોળ ખાતે | 191000 | 500 |
| 2 | શ્રી પ્રવેશ ફી ખાતે | 5400 | 5400 |
| 3 | શ્રી બિન વ્યાજુ થાપણ ખાતે | 2175 | 2175 |
| 4 | શ્રી બેંક ચાલુ ખાતે | 444348 | 498825 |
| 5 | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | 0 | 273 |
| 6 | શ્રી સભાસદ બચત ખાતે | 166154 | 0 |
| 7 | શ્રી અધેસીવ સ્ટેમ્પ ફી ખાતે | 3600 | 5000 |
| 8 | શ્રી ફોર્મ ફી ખાતે | 360 | 360 |
| 9 | શ્રી સભાસદ ધિરાણ ખાતે | 48600 | 444137 |
| 10 | શ્રી ફી.ડી. ખાતે | 101000 | 0 |
| 11 | શ્રી સ્ટેશનરી આવક અને ખર્ચ ખાતે | 360 | 4446 |
| 12 | શ્રી જે.ડી.સી.બી. શેર ખાતે | 0 | 5000 |
| 13 | શ્રી વ્યાજ આવક અને ખર્ચ ખાતે | 9137 | 3535 |
| 14 | શ્રી ફી.ડી. વ્યાજ દેવા બાકી ખાતે | 381 | 0 |
| 15 | શ્રી અનામત ભંડોળ ખાતે | 5400 | 0 |
| 16 | શ્રી ઉઘડતી - બંધ સિલક | 0 | 8264 |
| | | 977915 | 977915 |

# શ્રી સમતા કો.ઓ.ક્રેડીટ સોસાયટી લી.

## વર્ષ 2020-2021 નું નફા નુકશાન પત્રક

| ક્રમ | વિગત | જમા | ઉધાર |
|---|---|---|---|
| 1 | શ્રી વ્યાજ આવક અને ખર્ચ ખાતે | 9137 | 3535 |
| 2 | શ્રી સ્ટેશનરી આવક અને ખર્ચ ખાતે | 360 | 4446 |
| 3 | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | 0 | 273 |
| 4 | શ્રી ચોખ્ખો નફો ૨૦૨૦-૨૧ | 0 | 1243 |
| | | 9497 | 9497 |

## 31/03/2021 નું પાકું સરવૈયું

| ક્રમ | વિગત | જમા | ઉધાર |
|---|---|---|---|
| 1 | શ્રી શેર ભંડોળ ખાતે | 190500 | 0 |
| 2 | શ્રી બેંક ચાલુ ખાતે | 0 | 54477 |
| 3 | શ્રી સભાસદ બચત ખાતે | 166154 | 0 |
| 4 | શ્રી અધેસીવ સ્ટેમ્પ ફી ખાતે | 0 | 1400 |
| 5 | શ્રી સભાસદ ધિરાણ ખાતે | 0 | 395537 |
| 6 | શ્રી ફી.ડી. ખાતે | 101000 | 0 |
| 7 | શ્રી જે.ડી.સી.બી. સભાસદ ખાતે | 0 | 5000 |
| 8 | શ્રી અનામત ભંડોળ ખાતે | 5400 | 0 |
| 9 | શ્રી ફી.ડી. વ્યાજ દેવા બાકી ખાતે | 381 | 0 |
| 10 | શ્રી ચોખ્ખો નફો ૨૦૨૦-૨૧ | 1243 | 0 |
| 11 | શ્રી ઉઘડતી - બંધ સિલક | 0 | 8264 |
| | | 464678 | 464678 |




આપણા વતનની લોક સેવાર્થે
યોગદાન માટેની અપેક્ષા સહ વંદન.

પ્રતિશ્રી,..............................................

ગામ.........................................................

તા.......................................જી...................

પીન.....................................

રવાના

શ્રી સમતા કો.ઓ.ક્રે.સો.લી. તાલાલા

૯૪૨૬૧૫૨૪૭૯/૯૪૨૬૦૫૨૧૭૯